પ્રણામ અને જય જિનેન્દ્ર

આશા રાખું છું કે તમે બધા શાતામા હશો અને શાતામા રહેશો.

જૈન કેલેન્ડરમાં આપણો સૌથી મહત્વપૂર્ણ કાર્યક્રમ પર્યુષણ પર્વ ૨૪ ઓગસ્ટ ૨૦૨૨ શરૂ થાય છે અને ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ સમાપ્ત થાય છે. ખૂબ ઉત્સાહથી સાથ આપણા સભ્યોને જાણ કરીએ છીએ કે બે વર્ષ માત્ર ઓનલાઇન ઇવેન્ટ થયા પણ આ વર્ષે તમે બધા ઓશવાળ સેન્ટરમાં શારીરિક રીતે હાજરી આપી શકશો અને તહેવારોનો આનંદ માણી શકશો.

પર્યુષણ એવો પર્વ છે પાછલા એક વર્ષમાં આપણાં કરેલા કાર્યો પર ચિંતન કરી શકાય. આ આઠ દિવસો આપણને આપણી પાસે જે કંઈ પણ છે તેની પ્રશંસા કરવાનો સમય આપે છે. આ એક એવો સમય છે જ્યારે આપણે જાણી જોઈને કે અજાણતાં કરેલાં કોઈ પણ પાપો માટે બધાં જીવો પાસેથી ક્ષમા માગીએ છીએ. આ સમય દરમિયા ઘણા જૈનો ઉપવાસ કરે છે અથવા ખાવામાં મર્યાદા રાખે છે. ચોક્કસ પ્રકારનો ખોરાક ન લેવાનું પર્યુષણ પ્રતિક્રમણ કરીને મન અને શરીરને શુદ્ધ કરવા દે છે અને આપણા આધ્યાત્મિક આત્મા સાથે જોડાવા દે છે. તો ચાલો આવો, આપણે બધા સૌ સાથે મળીને આ તહેવાર શાંતિપૂર્ણ, સુરક્ષિત અને આનંદનો અવસર બની રહે તે માટે દરેક પ્રયાસ કરીએ.

પર્યુષણ બાદ:
૧) ગુરુવાર ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ તમામ તપસ્વીઓ માટે સવારે ઓશવાળ એકતા સેન્ટરમાં સમુહ પારણા યોજાશે.
૨) રવિવાર ૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના ધજા દિન યોજાશે. ત્યારબાદ ઓશવાળ સેન્ટરમાં સ્વામી વાત્સલ્ય ભોજન યોજાશે.
૩) રવિવાર ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના નોર્થ ઇસ્ટ એરિયા સવંત્સરી ભોજન ઓશવાળ સેન્ટર, પોટર્સ બાર યોજાશે.

પર્યુષણની તૈયારીઓમાં અમે ૧૮ ઓગસ્ટ ગુરુવારે રાત્રે ૮ વાગ્યે ઓશવાળ હાઉસના બોર્ડ રૂમમાં સ્વયં સેવકોની બેઠક રાખી છે. તમામ સભ્યોને અમારી નમ્ર વિનંતી છે, કે આગામી કાર્યક્રમમાં તમારો પુરો સાથ અને સહકાર આપશો, અને આ સભામાં ભાગ લેશો. પર્યુષણના આઠ દિવસ અને સવંત્સરી ભોજન દરમિયાન વિવિધ પ્રકારની તૈયારીમાં, સ્વયં સેવકોને મદદરૂપ થવા ખાસ વિનંતી છે. એટલે આપણા વર્ષના સૌથી મોટા, અને સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક તહેવારની સફળતા અને સરળતાથી થાય તે માટે થાય એટલે અમને આપણા સભ્યોનો સહાયની ખાસ જરૂર છે. તમામ ઉંમરના લોકોનું સ્વાગત છે.

અમે બાળકો અને યુવાનો આ તહેવારમાં ભાગ લેવા જોડાઈ તેવું ઇચ્ચીએ છીએ.માટે કૃપા કરીને આગળ આવો અને પુષ્પાબહેન જે. શાહ (Pushpa.j.shah@oshwal.org) ને જણાવો કે તમે આઠ દિવસના તહેવારો દરમિયાન કોઈ પણ પ્રવૃત્તિમાં ભાગ લેવા માંગો છો. પછી ભલે તે ગાવાનું, નૃત્ય કરવાનું હોય કે પછી કોઈ પણ વાજિંત્ર વગાડવું હોય.

આ વર્ષે પર્યુષણ શાળાની રજાઓ દરમિયાન આવે છે તેથી ઘણા લોકો અને ખાસ કરીને બાળકો ભાગ લેશે અને આનંદ માણશે તેવી આશા રાખીએ છીએ.

આ તકે જાણતા કે અજાણતાં, તમને કોઈ પણ બાબતમાં દુ:ખ પહોંચાડ્યું હોય, તો મન વચન કાયાયે કરી, ખરા દિલથી મિચ્છામિ દુક્કડમ પાઠવું છું

તમને બધાને ત્યાં જોવાની આશા રાખું છું.

પૂનમ અલ્કેશ શાહ
નોર્થ ઈસ્ટ પરાની ચેરલેડી